સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ **પર્યાવરણ** **ઓગષ્ટ, ૨૦૨૦**

સમય : ૧ કલાક **કુલ ગુણ- ૨૫**

(અ. નિ. અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. સાદાં, જોઈ શકાય તેવાં લક્ષણોના આધારે આસપાસનાં વૃક્ષનાં પાંદડાં , ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે.

પ્રશ્ન-૧ **નીચે આપેલા પાનના આકારોના આધારે તેના છોડ/ ઝાડને ઓળખો અને જોડો.** **(૫)**

(અ)	(બ)
(૧)	(અ) આંબો
(૨)	(બ) આસોપાલવ
(૩)	(ક) તુલસી
(૪)	(ડ) લીમડો
(૫)	(ઇ) પીપળો

અ.નિ. વિદ્યાર્થીઓ કુટુંબ અને કુટુંબના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે.

પ્રશ્ન:૨ **યોગ્ય રીતે જોડકાં જોડો** **(૫)**

(અ)		(બ)	
(૧)	મામી	(૧)	મમ્મીની બહેનના પતિ
(૨)	કાકા	(૨)	મમ્મીના ભાઈની પત્ની
(૩)	માસા	(૩)	પપ્પાના પપ્પા
(૪)	નાની	(૪)	પપ્પાની બહેન
(૫)	ફોઈ	(૫)	મમ્મીની મમ્મી
		(૬)	પપ્પાના ભાઈ

અ.નિ. વિદ્યાર્થીઓ જુદાં-જુદાં પ્રાણી અને પક્ષીઓનાં લક્ષણો , પ્રવૃત્તિઓ, સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે.

પ્રશ્ન: ૩ જીભથી પાણી પીતાં અને હોઠથી પાણી પીતાં પ્રાણીઓને જુદાં પાડો. **(૫)**

(૧) સાપ (૨) ગાય (૩) બકરી (૪) બિલાડી (૫) કૂતરો

જીભથી પાણી પીતાં પ્રાણીઓ	**હોઠથી પાણી પીતાં પ્રાણીઓ**

અ.નિ. વિદ્યાર્થીઓ વિવિધ વયજૂથના લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

પ્રશ્ન:૪ નીચે આપેલ કોઠામાંથી, જ્યાંથી પાણી મળી આવે છે તેવાં પાંચ સ્થળોનાં નામ શોધીને લખો. **(૫)**

ન	સ	ત	મ	સ	દ
હે	લ	ળા	ચ	લ	રિ
ર	ફ	વ	મા	મ	યો
ધ	વો	ધો	ન	દી	ફો
ઝ	ર	ણું	ના	બો	ર

અ.નિ. વિદ્યાર્થીઓ વિવિધ વયજૂથના લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

પ્રશ્ન:૫ નીચે આપેલ ખાવાની વાનગી શામાંથી બનાવી શકાય તે લખો. **(૫)**

ક્રમ	**વાનગીનું નામ**	**શામાંથી બને?**
ઉદાહરણ	**સુખડી**	**ઘઉં**
(૧)	ભજીયાં	
(૨)	લાડવા	
(૩)	પેંડા	
(૪)	બિસ્કિટ	
(૫)	ખીચડી	

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ પર્યાવરણ (આસપાસ) જાન્યુઆરી, ૨૦૨૧

સમય:-૧ કલાક કુલ ગુણ-૨૫

[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]

અ. નિ. વિદ્યાર્થીઓ માટીના વિવિધ ઉપયોગ વિશે જાણશે અને તેનો ઉપયોગ કરી વિવિધ આકારો-રમકડાં બનાવતાં શીખશે તથા ગ્રામ્ય કારીગરોને ઓળખીને તેમના વિશે કહી શકશે.

પ્રશ્ન-૧ બંધબેસતાં જોડકા જોડો. (૫)

વિભાગ - અ	વિભાગ - બ
૧. લુહાર	૧. રંધો
૨. સુથાર	૨. લેલુ
૩. કુંભાર	૩. કાતર
૪. કડિયા	૪. એરણ
૫. દરજી	૫. ચાકડો

અ. નિ. વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના રહેઠાણ વિશે જાણશે અને તેની ઉપયોગિતા વિશે કહી શકશે.

પ્રશ્ન-૨ ચિત્રો જુઓ અને રહેઠાણને ઓળખી તેનું નામ જણાવો. (૫)

(૧)

(૨)



(૩)

(૪)

(૫)

અ. નિ. વિદ્યાર્થીઓ પોસ્ટઓફિસની કામગીરીથી પરિચિત થશે અને તેની કામગીરી વિશે કહી શકશે.

પ્રશ્ન-૩ યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો. (૫)

૧. આપણા ઘરે ટપાલ આપવા.....આવે છે.

૨. એક જગ્યાએથી બીજી જગ્યાએ પોસ્ટ મારફતે પૈસા મોકલવા માટે.....કરવામાં આવે છે.

૩. પોસ્ટ ઓફિસનું સંચાલન કરનાર વ્યક્તિને.....કહેવામાં આવે છે.

૪. સામાન્ય રીતે ટપાલપેટી ..... રંગની હોય છે.

૫. વર્તમાનયુગમાં વાતચીત દ્વારા સમાચારની આપ-લે કરવા .....વપરાય છે.

અ. નિ. વિદ્યાર્થીઓ કુટુંબના સભ્યોની કામગીરી વિશે જાણશે. ખોરાક શામાંથી બને છે તેની માહિતી પ્રાપ્ત કરશે તેમજ રસોડાના મસાલાઓ, ઔષધીય રીતે પણ ઉપયોગી છે, તે જાણી શકશે.

પ્રશ્ન-૪ **નીચે આપેલી વાનગીઓનું બે જૂથમાં વર્ગીકરણ કરો.** **(૫)**

(મધ, મકાઈ, પાલક, ઈંડા, ટામેટા, હળદર, દૂધ, બટાકા, માંસ, ડુંગળી)

<u>વનસ્પતિ</u>માંથી મળતી વસ્તુ	<u>પ્રાણીઓ</u>માંથી મળતી વસ્તુ

અ. નિ. સમૂહ કાર્યો અને સ્થાનિક ઇનડોર - આઉટડોર રમતો તેમજ તેના નિયમોથી પરિચિત થાય છે.

પ્રશ્ન-૫ **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. વ્યક્તિગત રમાતી ચાર રમતોના નામ જણાવો. (૨)

૨. સમૂહમાં રમાતી ચાર રમતોના નામ જણાવો. (૨)

૩. સમૂહમાં કરવા પડે એવા બે કાર્યો જણાવો. (૧)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ **પર્યાવરણ (આસપાસ)** **ઓક્ટોબર, ૨૦૨૦**

સમય : ૧ કલાક **કુલ ગુણ: ૨૫**

(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. છોડ, પ્રાણીઓ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે અને આસપાસના પર્યાવરણમાં રહેતાં પરિવારોના વૈવિધ્યને સમજે છે. (જેમકે દેખાવ, ક્ષમતા, ગમો - અણગમો, ખોરાક અને રહેઠાણની પ્રાપ્તિ વગેરે)

પ્રશ્ન- ૧ **પરિસ્થિતિ અને ચહેરાના હાવભાવ અંગેના જોડકાં જોડો.** **(૫)**

પરિસ્થિતિ	ચહેરાના હાવભાવ
(૧) કાજલની ચોપડી એના ભાઈએ ફાડી નાખી.	(૧) ચિંતા
(૨) અનિલના પપ્પા તેના માટે ફટાકડા લાવ્યા છે.	(૨) ડર
(૩) ભાવનાને તાવ આવ્યો છે.	(૩) ગુસ્સો
(૪) માધવના ઘરમાં વાંદરો ઘુસી ગયો છે.	(૪) ખુશ
(૫) મિતાલીને કાલે પરીક્ષાનું પરિણામ છે.	(૫) ઉદાસ

અ.નિ. આસપાસ જોવા મળતાં પક્ષી અને પ્રાણીઓને તેમનાં સામાન્ય લક્ષણો જેવાં કે પ્રચલન , રહેઠાણ, ખોરાકની ટેવો અને અવાજને આધારે ઓળખે છે.

પ્રશ્ન-૨ **મને ઓળખી કાઢો.** **(૫)**

(૧) મારા માથે કલગી હોય છે અને હું ટહુકા કરું છું.

(૨) મારી ચાંચ લાલ રંગની હોય છે અને મને મરચું બહુ ભાવે છે.

(૩) મારી ચાંચ સોય જેવી છે અને હું પાંદડાં સીવીને સુંદર માળો બનાવું છું

(૪) હું ચાંચથી ઝાડને કાણાં પાડીને તેમાંથી કીડા ખાઉ છું.

(૫) હું રાત્રે જાગું છું અને દિવસે સૂઈ જાઉ છું.

અ.નિ. વિવિધ વયજૂથનાં લોકો ,પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આડોશપાડોશના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

પ્રશ્ન-૩ (અ) નીચે આપેલ સજીવો પાણી ક્યાંથી મેળવે છે તે જણાવો.

(૧) વૃક્ષો (૨) પ્રાણીઓ (૩) માણસો **(૩)**

પ્રશ્ન-૩ (બ) વરસાદ કરા સ્વરૂપે વરસે છે.- અહીં 'કરા' એટલે શું? **(૨)**

અ.નિ. ઘર, શાળા અને પાડોશની આસપાસની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

પ્રશ્ન- ૪ નીચેના વિધાનોમાંથી સાચા વિધાનો સામે ખરાની ☑ અને ખોટા વિધાનો સામે ખોટાની ☒ નિશાની કરો. (૫)

(૧) ચા-કોફી બનાવવા માટે આપણે પ્રેશરકૂકરનો ઉપયોગ કરીએ છીએ.

(૨) ચૂલા પર રસોઈ બનાવવી એ પર્યાવરણ માટે ફાયદાકારક છે.

(૩) સૂર્યકૂકરમાં સૂર્યની ગરમીથી રસોઈ તૈયાર થાય છે.

(૪) પ્રેશરકૂકરમાં જમવાનું ઝડપથી તૈયાર થાય છે.

(૫) પૂરી તળવા માટે ઝારાનો ઉપયોગ થાય છે.

અ.નિ. ઘર, શાળા અને પાડોશની આસપાસની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)

પ્રશ્ન- ૫ **નીચે વાહનના નામ આપ્યા છે તેની સામે તેનો ઉપયોગ લખો.** (૫)

(૧) ઊંટલારી

(૨) ટ્રાઈસીકલ

(૩) એમ્બ્યુલન્સ

(૪) વિમાન

(૫) ટ્રેક્ટર

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ:- ૩ પર્યાવરણ તા.૧૨/૦૧/૨૦૨૨

સમય : ૧ કલાક કુલ ગુણ: ૨૫

પ્રશ્ન-૧ વનસ્પતિ અને પ્રાણીઓમાંથી મળતી પાંચ-પાંચ વસ્તુઓનાં નામ લખો. **(૫)**

વનસ્પતિમાંથી મળતી વસ્તુઓ	પ્રાણીઓમાંથી મળતી વસ્તુઓ

પ્રશ્ન-૨ પ્રશ્નોના જવાબ આપો.

(૧) માટીમાંથી કઈ-કઈ વસ્તુઓ બનાવવામાં આવે છે? (૨)

(૨) માટીમાંથી માટલી કઈ રીતે બનાવવામાં આવે છે તે જણાવો. (૨)

(૩) હાલ તમારા ઘરમાં માટીના બદલે કયાં વાસણો વપરાય છે? (૧)

પ્રશ્ન-૩ નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરો. **(૫)**

(ખેતરો, શહેરો, લિફ્ટ, વરસાદ, ગરમી, ઠંડી, બરફ, વાંસ)

(૧) ખૂબ ઠંડા પ્રદેશોમાં ..... માંથી ઈગ્લુ નામનું ઘર બનાવવામાં આવે છે.

(૨) કચ્છમાં ..... ને કારણે માટીનાં મકાન બનાવવામાં આવે છે.

(૩) આસામમાં ..... ને કારણે થાંભલા પર ઘર બનાવવામાં આવે છે.

(૪) બહુમાળી મકાનો ..... માં જોવા મળે છે.

(૫) બહુમાળી મકાનોમાં ઉપરના માળે જવા ..... નો ઉપયોગ થાય છે.

પ્રશ્ન-૪ નીચે આપેલાં વિધાનો વાંચી ખરા (√) કે ખોટાની (×) ની નિશાની કરો. **(૫)**

(૧) પ્રાચીન સમયમાં સંદેશા પહોંચાડવાની કામગીરી પોપટ કરતો હતો.

(૨) પોસ્ટઓફિસ દ્વારા પત્ર જેને મોકલવાનો હોય તેને બે-ત્રણ કલાકમાં પહોંચી જાય છે.

(૩) ટપાલ વિભાગની ગાડી લાલ રંગની હોય છે.

(૪) ઈ-મેઈલથી પૈસા મોકલવામાં આવે છે.

(૫) મોબાઈલનો ઉપયોગ સંદેશા આપવા માટે થાય છે.

પ્રશ્ન-૫ તમારા ઘરમાં નીચેનાં કાર્યો કોણ કરે છે તે લખો. **(૫)**

(૧) દૂધ લાવવું- .....

(૨) કપડાં ધોવાં- .....

(૩) બાળકોને ખવડાવવું અને ભણાવવું- .....

(૪) સફાઈ કરવી- .....

(૫) રસોઈ બનાવવી- .....

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ. ક્રમાંક	વિધાન
1	EV305	વિવિધ વયજૂથનાં લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.
2	EV308	વર્તમાન અને ભૂતકાળની વસ્તુઓ અને પ્રક્રિયાઓમાં ભેદ પારખે છે. (જેમ કે કપડાં, રમતો, વાસણો, લોકોના કાર્યો વગેરે)
3 અને 4	EV304	ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (જેમ કે વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારનાં સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારનાં ઘર અને આશ્રયસ્થાનો, બસ સ્ટેન્ડ, પેટ્રોલ પંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે)
5	EV306	કુટુંબનાં સભ્યોની ભૂમિકા તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સયુંક્ત કુટુંબમાં રહેવાની જરૂરિયાતોનું વર્ણન લેખિત મૌખિક કે અન્ય રીતે કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: ૩ પર્યાવરણ તારીખઃ૨૫/૦૨/૨૦૨૨

સમય: ૧ કલાક કુલ ગુણ: ૨૫

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (૫)

(૧) તમે ઘર/શેરી/મહોલ્લામાં કઈ-કઈ રમતો રમો છો ?

(૨) ભારતની રાષ્ટ્રીય રમત કઈ છે ?

(૩) ચેસની રમતમાં કેટલા ખેલાડીઓ હોય છે ?

(૪) ઘરની બહાર રમાતી કોઈપણ એક (આઉટડોર) રમતનું નામ લખો .

(૫) દડા વગર રમી શકાય તેવી કોઈપણ એક રમતનું નામ લખો

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી બંધબેસતા જોડકાં જોડો. (૫)

(અ)	(બ)
(૧) મરઘી	(૧) ઉંદર ખાય છે.
(૨) બકરી	(૨) કીડા ખાય છે.
(૩) સાપ	(૩) દૂધ આપે છે.
(૪) ઘેટું	(૪) ઈંડા આપે છે.
(૫) પક્ષી	(૫) દૂધ અને ઊન આપે છે.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) તમારા ઘરમાં કેટલા સભ્યો રહે છે ? (૧)

(૨) તમારું કુટુંબ નાનું કુટુંબ કહેવાશે કે મોટું કુટુંબ ? (૧)

(૩) મોટા કુટુંબમાં રહેવાથી થતા ત્રણ ફાયદા લખો. (૩)

પ્રશ્ન-૪ વરસાદી પાણીના સંગ્રહ માટેની ખાસ પદ્ધતિ (RWH) ના આધારે નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. (૫)

(૧) બધા લોકો પોતાના ઘરમાં વરસાદના પાણીનો સંગ્રહ કરી શકતા નથી.

(૨) વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે ધાબા પર સિમેન્ટની ટાંકી બનાવાય છે.

(૩) વરસાદી પાણીના સંગ્રહ માટે ઘરના છત કે છાપરાં ત્રાંસાં રાખવામાં આવે છે.

(૪) વરસાદી પાણી નળ દ્વારા ટાંકીમાં જાય છે.

(૫) વરસાદી પાણીને ચોખ્ખું કરવા માટે ગળણીનો ઉપયોગ થાય છે.

પ્રશ્ન-૫ પ્રશ્નોના જવાબ લખો.

(૧) પાણી ન હોય તો કઈ-કઈ અગવડતા પડે છે ? (૩)

(૨) પાણીનો બગાડ ક્યાં-ક્યાં થાય છે ? (૨)

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	EV313	સમૂહકાર્યો અને સ્થાનિક, ઈનડોર-આઉટડોર રમતોનાં નિયમોનું અવલોકન કરે છે.
2	EV307	જુદાં-જુદાં પ્રાણી અને પક્ષીઓનાં લક્ષણો, પ્રવૃત્તિઓ, સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે.
3	EV306	કુંટુબનાં સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુક્ત કુટુંબમાં રહેવાની જરૂરિયાતોનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.
4 અને 5	EV314	કુટંબમાં રૂઢિગત કાર્યો, રમતો/ખોરાક વગેરેમાં થતા લિંગભેદ પ્રત્યે તથા શાળા અને કુટુંબમાં થતા ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે.

.

.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ–૩ પર્યાવરણ ઓગષ્ટ, ૨૦૨૧

સમય : ૧ કલાક કુલ ગુણ : ૨૫

અ.નિ. આસપાસ જોવા મળતાં પક્ષી અને પ્રાણીઓને તેમના સામાન્ય લક્ષણોને આધારે ઓળખે છે.

પ્રશ્ન- ૧ આપેલ વિશેષતાની સામે પ્રાણીઓ કે પક્ષીઓનાં બે-બે નામ લખો. **(૫)**

(૧) દિવાલ પર ચાલી શકે તેવાં

(૨) ઊડી શકે તેવાં

(૩) માથે શિંગડાં હોય તેવાં

(૪) હોઠથી પાણી પીતાં

(૫) જીભથી પાણી પીતાં

અ.નિ. આસપાસ જોવા મળતાં પક્ષી અને પ્રાણીઓને તેમના સામાન્ય લક્ષણોને આધારે ઓળખે છે.

પ્રશ્ન- ૨ બંધ બેસતાં જોડકાં જોડો **(૫)**

	વિભાગ- અ		વિભાગ- બ
(૧)	કીડી	(૧)	ગુફા
(૨)	ઘોડો	(૨)	ગમાણ
(૩)	સિંહ	(૩)	દર
(૪)	ગાય	(૪)	માળો
(૫)	કબૂતર	(૫)	બખોલ
		(૬)	તબેલો

અ.નિ. સાદાં જોઇ શકાય તેવાં લક્ષણોને આધારે આસપાસના વૃક્ષનાં પાંદડાં ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે.

પ્રશ્ન-૩ નીચેની વનસ્પતિઓને વૃક્ષ, છોડ અને વેલામાં જુદી પાડો. **(૫)**

કારેલા, તુલસી, દૂધી, પીપળો, મોગરો, દ્રાક્ષ, બારમાસી, લીમડો, આંબો, આસોપાલવ

વૃક્ષ	છોડ	વેલા

અનિ. વિવિધ વયજૂથના લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે

પ્રશ્ન- ૪ નીચેના વિધાનોમાંથી સાચાં વિધાન સામે ખરાની √ અને ખોટાં વિધાન સામે ખોટાની X નિશાની કરો. **(૫)**

(૧) પાણીનો બગાડ અટકાવવો જોઇએ. ☐

(૨) પાણીનો મુખ્ય સ્રોત વરસાદ છે. ☐

(૩) પાણી વગર ખેતી થઇ શકે છે. ☐

(૪) માછલી પાણી વગર જીવી શકે છે. ☐

(૫) મકાઇમાંથી ધાણી બનાવવા પાણીની જરૂર પડે છે. ☐

અ.નિ. ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ સાથે ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે

પ્રશ્ન- ૫ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) ઘરની સફાઈ માટે કયાં કયાં સાધનો વપરાય છે? (૧)

(૨) દિવાળીમાં ઘરને શણગારવા શાનો ઉપયોગ થાય છે ? (૧)

(૩) ઘરના જે ભાગમાં રસોઈ બને તે ભાગને શું કહેવાય છે? (૧)

(૪) તમારા ઘરના જુદા જુદા ભાગમાં જોવા મળતી ચાર વસ્તુઓનાં નામ લખો (૨)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ **પર્યાવરણ** **સપ્ટેમ્બર,૨૦૨૧**

સમય : ૧ કલાક **કુલ ગુણ : ૨૫**

EV3૦૬ કુટુંબના સભ્યોની ભૂમિકા તેમની ટેવો, લક્ષણો અને કાર્યો તથા સંયુક્ત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.

પ્રશ્ન-૧. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો.

(૧) તમારા કુટુંબમાં કોણ કોણ છે ? (૧)

(૨) તમે ઘરમાં કયાં કયાં કામમાં મદદ કરો છો ? (૨)

(૩) તમે તમારા મમ્મી અને પપ્પા પાસેથી શીખ્યા હોય એવી એક-એક બાબત જણાવો. (૨)

EV3૦૫ વિવિધ વયજૂથના લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

પ્રશ્ન-૨ કઈ વ્યક્તિએ કયો ખોરાક ખાવો જોઈએ તે લખો. **(૫)**

(૧) બે મહિનાનું બાળક-

(૨) એક વર્ષનું બાળક-

(૩) કોલેજમાં ભણતો યુવાન -

(૪) બીમાર મમ્મી-

(૫) ઘરડા દાદા-

EV3૧૫ વનસ્પતિ, પ્રાણીઓ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે અને આસપાસના પર્યાવરણમાં રહેતા પરિવારોના વૈવિધ્યને સમજે છે.

પ્રશ્ન -૩. આપેલ વર્તન સામે સારું વર્તન છે કે ખરાબ વર્તન તે લખો. **(૫)**

(૧) મીનાએ એક પ્રજ્ઞાચક્ષુ ભાઈને રસ્તો પસાર કરાવ્યો.

(૨) રાજેશભાઈ પક્ષીઓ માટે દરરોજ ચણ નાંખે છે.

(૩) કચરો થતો હોવાથી અમિતભાઈએ પોતાના આંગણાનાં બધાં ઝાડ કપાવી નાખ્યાં.

(૪) જૈમિન એના દાદાને વર્તમાનપત્ર (છાપું) વાંચી સંભળાવાની ના પાડે છે.

(૫) કૌશિકા બોલી અને સાંભળી ન શકતાં બાળકોના શિક્ષક બનવા માટે ઈશારાની ભાષા શીખે છે.

EV3૦૩ કુટુંબ અને કુટુંબના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે.

પ્રશ્ન-૪ બંધબેસતાં જોડકાં જોડો. **(૫)**

વિભાગ-અ	વિભાગ-બ
(૧) મામા	(૧) પપ્પાના ભાઈ
(૨) કાકા	(૨) મમ્મીના ભાઈ
(૩) દાદા	(૩) બહેનના પતિ
(૪) બનેવી	(૪) મમ્મીની બહેન
(૫) માસી	(૫) પપ્પાના પપ્પા

EV૩૦૪ ઘર,શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (ખોરાક બનાવવાની પ્રક્રિયા).

પ્રશ્ન -૫ નીચે આપેલ અનાજ/કઠોળમાંથી બનાવી શકાય તેવી એક-એક વાનગીનાં નામ લખો. (૫)

(૧) ઘઉં
(૨) ચોખા
(૩) ચણા
(૪) મકાઇ
(૫) બાજરી